# ધોરણ - ૧૦

## વિષય – ગુજરાતી

## સ્વાધ્યાય

### પાઠ – ૯

# માધવને દીઠો છે ક્યાય?



વિધાર્થીનું નામ :

શાળાનું નામ :





# માધવને દીઠો છે ક્યાંય ?

કવિ :- હરીન્દ્ર દવે
સાહિત્યપ્રકાર :- ઊર્મિગીત
સંદર્ભ :- 'વરસાદની મોસમ છે' માંથી

કાવ્ય

વાંસળીથી વિખૂટો થઈને આ સૂર એક
ઢૂંઢે કદંબની છાંય,
મારગની ધૂળને ઢંઢોળી પૂછે,
મારા માધવને દીઠો છે ક્યાંય ?

યમુનાનાં વહેણ તમે મૂંગા છો કેમ ?
અને રાધાની આંખ કાં ઉદાસ ?
વહી જતી આ લેરખી વ્યાકુળ કરે છે અહીં
સરતી આ સાંજનો ઉજાસ.

બ્હાવરી વિભાવરીનાં પગલાંની લાગણીથી,
રાતરાણી ઝાકળથી ન્હાય... મારા...
ઊડતું આવે જો અહીં મોરપિચ્છ તો તો અમે,
સાચવશું સુંવાળા રંગ;

મારી તે મોરલીના આભમાં ઊગે છે એક,
શ્યામના તે નામનો મયંક
જળમાં તે તેજ એનું એવું વેરાય હવે,
પાતાળે હરિવર પરખાય... મારા...
('વરસાદની મોસમ છે' માંથી)

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

Page No.
DATE

## શબ્દસમજૂતી

વિ વિખૂટું - અલગ, જુદું પડેલું
મૂર - સ્વર
કદંબ - એક વૃક્ષ (જેના પર બેસી શ્રીકૃષ્ણ વાંસળી વગાડતા હતા.)
લે'રખી - પવનની લહેર
વિભાવરી - રાત્રી, નિશા
ઉજાશ - અજવાળું
પરખાય - ઓળખાય
માધવ - કૃષ્ણ, શ્યામ
મયંક - ચંદ્ર

## તળપદા શબ્દ

મારગ - માર્ગ, રસ્તો

## વિરુદ્ધાર્થી શબ્દો

સાંજ x સવાર      ઉજાશ x અંધકાર

## સ્વાધ્યાય

1. 1) રાધાની આંખમાં ઉદાસી હોવાનું કારણ...
→ કૃષ્ણ સાથેનો વિરહ

2) કવિ કોના ઊડતા આવવાની ઈચ્છા વ્યક્ત કરે છે?
→ મોરપિચ્છ

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



2\. 1) મારગાની ધૂળને કવિ શું પૂછે છે ?
-> મારગાની ધૂળને કવિ પૂછે છે કે તમે મારા માધવને ક્યાંય દીઠો છે ?

2) પાતાળમાં કોણ પરખાય છે ?
-> પાતાળમાં હરિવર પરખાય છે.

3\. 1) ગાતગાણી કાકળથી ન્હાય છે, કારણ કે...
-> ગાતગાણીને બદાવરી રાત્રિમાં પગલાંનો સ્પર્શ થયો છે.

2) જળમાં કોનું તેજ રેલાઈ રહ્યું છે ?
-> યમુના સાથે કૃષ્ણની વાતો સંકળાયેલી છે. કવિ કહે છે કે યમુનાના જળમાં હરિવર (કૃષ્ણ) સંતાયા છે. પાતાળે સંતાયેલા હરિવરનું તેજ જળની સપાટી પર રેલાઈ રહ્યું છે.

4\. 1) માધવને મેળવવા માટેની સૂરની તીવ્ર ઉત્કંઠા તમારા શબ્દોમાં લખો.
-> 'માધવ દીઠો છે ક્યાંય ?' ગીતની ધ્રુવપંક્તિ છે. વાંસળીનો સૂર, તીવ્ર ઉત્કંઠા સાથે, કૃષ્ણની શોધ આદરે છે. આમ તો સૂર અને કૃષ્ણ વચ્ચે અવિનાભાવી સંબંધ છે.

સૂરની માધવ માટેની શોધની તીવ્ર ઉત્કંઠાને લઈને એ બાળકૃષ્ણ સાથે સંકળાયેલાં તમામ સજીવ - નિર્જીવ તત્ત્વો પાસે જઈને પૂછે છે : '(કોઈએ) માધવ દીઠો છે ક્યાંય ?' પ્રશ્ન પૂછવામાં વ્યાકુળતા છે. કૃષ્ણ ક્યાંકથી તો મળી જશે જ એવી શ્રદ્ધા છે. ધૂળ કે જે કૃષ્ણની ચરણરજથી પવિત્ર થયેલી છે એને સૌથી પહેલાં પૂછે છે. ધૂળ પાસેથી કશો જવાબ મળતો નથી. ત્યાંથી આગળ યમુનાનાં વહેણને પૂછે છે પણ યમુનાનાં વહેણ મૂંગાં રહી અને ગાયોની આંખને ઉદાસ જોઈ હતાશ થઈ જાય છે. ત્યાં પણ કૃષ્ણ નથી. સાંજના સમયે પવનની ઠંડી લહેરખી સૂરના દિલને વ્યાકુળ કરી દે છે. તે પણ કૃષ્ણવિરહમાં ઉદાસ હતી. સાંજનો ઉજાસ ઉદાસ હતો. સૂરની વિહ્વળતા વધી ગઈ. સૂરને હવે થાય છે કે ભલે કૃષ્ણ ના મળે, એમનું મોરપિચ્છ મળી જાય તો એ કૃષ્ણ મળ્યા બરાબર જ છે ! આકાશનો ચંદ્ર પણ વિહ્વળ એવા સૂરને શ્યામ ભાસે છે.

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



આમ, સભુવ-નિર્ભુવ, જલ-સ્થલ-સર્વત્ર સૂર ફરી વળે છે, પણ ક્યાંય માધવ મળતા નથી; તેથી સૂરની ઉત્કંઠા તીવ્ર બને છે.

2. વાંસળીથી વિખૂટો થઈને આ સૂર એક
 ઢૂંઢે કદંબની છાંય,
 મારગની ધૂળને ઠરોળી પૂછે,
 મારા માધવને દીઠા છે ક્યાંય ?

'વાંસળી' છે, સાથે 'સૂર' છે. બંને એકબીજા સાથે અભિન્ન છે; 'વાંસળી'નું, તેમજ એના વગાડનારનું ગૌરવ પણ 'સૂર'ને કારણે છે. એકે કાવ્યમાં, પ્રસ્તુત પંક્તિમાં વાંસળીથી આ સૂર વિખૂટો પડી ગયો છે. છૂટો પડી ગયેલો સૂર વાંસળી (કૃષ્ણ) ને કદંબ વૃક્ષની છાયામાં શોધે છે. એમાં વિયોગ છે, વ્યાકુળતા છે, વ્યથા છે. આગળ જતાં, એ સૂર માર્ગની ધૂળને ઠરોળીને પૂછે છે: 'મારા માધવને દીઠા છે ક્યાંય ?' પ્રસ્તુત પંક્તિ કાવ્યની ધ્રુવ (મુખ્ય) પંક્તિ છે, જે કાવ્યપાઠમાં વારંવાર આવે છે. ભાવ-વ્યથા-નું સતત દૃઢીકરણ થાય છે. કાવ્યાભિવ્યક્તિની મહત્વની કડી તરીકે આ પંક્તિનું વિશેષ મહત્વ છે.

Scanned with OKEN Scanner

# SHIKSHAN SAGAR

## ( શિક્ષણ સાગર )

## એપ્લીકેશન ની વિશેષતા


આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION